## ગાંધીનગર મને ગમે છે...



**દિલીપસિંહ બી. ઝાલા**

ગાંધીનગર મને બહુ જ ગમે ! ગાંધીનગર સાથે મારો નાતો જોડાયો હું ૧૦ વર્ષનો હતો ત્યારથી એટલે કે ૧૯૭૮ થી ! એ સમયે ગાંધીનગર પણ તેના બાળપણમાં જ હતું ! નવા સેક્ટરો તમામ ખાલી હતા. સેક્ટર ૧૨ માં સિવિલ હોસ્પિટલ અને સેક્ટર ૧૧ માં બસ સ્ટેન્ડ કે જે પથિકાશ્રમ ના નામથી જ ઓળખાતું ત્યાં થી ગાંધીનગરની શરૂઆત થતી અને સેક્ટર ૨૮ના બગીચા પાસે ઘ-૭ - સરકારી મધ્યસ્થ પ્રેસ પાસે શહેરની હદ પૂરી થતી. એ સમયે ડબલ ડેકર બસ ગાંધીનગર ની શોભા હતી. સેક્ટર ૨૮ ના બગીચામાં એક જાહેર બ્લેક એન્ડ વ્હાઈટ ટી.વી. રાખવામાં આવેલ. જેમાં અમે રસપ્રદ ક્રિકેટ મેચ, ટેનીસની વિમ્બલડનની ફાઈનલ જોવા જતા. સેક્ટર ૨૧માં એક નાનું થિયેટર હતું. આજના જમાનામાં દુકાનો માટે જે મોલ સિસ્ટમ છે તેવી તે જમાનામાં પાટનગર યોજના ભવન કોપ્લેક્ષમાં દુકાનો શરૂ થયેલી. વાળ કાપવાના સલૂન, કરિયાણા, કંદોઈ, દરજી, સાયકલ, પાન મસાલા, એપ્લાયન્સીસની દુકાન, ખાદીની દુકાન તો ખરી જ, એમ જીવન જરૂરીયાતની તમામ દુકાનો એ કોપ્લેક્ષમાં તમને મળી રહે. એ જમાનામાં પણ ઉભા તથા આડા સાત સાત રોડના આયોજનથી વ્યવસ્થિત સેક્ટરો બનાવીને ગાંધીનગરને સુંદર ઓપ આપવામાં આવેલ. ઉભા રોડને ક થી જ જેવા ગુજરાતી મૂળાક્ષરના નામ અપાયા અને આડા રોડને ૧ થી ૭ નંબર અપાયા. જે રોડ અન્ય રોડને જ્યાં છેદે ત્યાં તે બન્ને રોડના નામ પરથી સર્કલ કે એ ચાર રસ્તાને નામ અપાયા. જેમકે ઘ-૪, ઘ-૫, ચ-૫ વગેરે. એ જમાનામાં પણ ભવિષ્યમાં જ્યાં ટ્રાફિકની સમસ્યા ઉભી થવાની શક્યતા હતી તેવા ૧૬/૧૭, ૨૨/૨૩ તથા ૨૧ પોલીસ સ્ટેશન વગેરે ટ્રાફિક જંકશનો પર રોડ નીચે અન્ડરપાસ બનાવી રાખેલા. ગાંધીનગરમાં તે સમયે ખૂબ જ હરિયાળી હતી, જેથી તેને હરિયાળું સિટી કહેવા લાગ્યા.

આજે આ ગાંધીનગર જાણે કે પૂર્ણિમાના ચન્દ્રની માફક સોળે કળાએ ખીલી ઉઠયું છે. સચિવાલય, વિધાનસભા, મહાત્મા મંદિર, રેલવે સ્ટેશન,ગિફ્ટ સિટી જેવા આકર્ષણો ગાંધીનગરની શોભામાં ચાર ચાંદ લગાવી રહ્યા છે. દરેક ધર્મના ધાર્મિક સ્થાન, મોટા ભાગના સમાજના કેન્દ્રો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કેન્દ્રો, લાયબ્રેરી, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના કોચીંગ, રમતગમતના મેદાન, સ્ટેડીયમ, જીમ, સ્વીમીંગ પૂલ, ઘોડેસવારી ક્લબ, મલ્ટીપ્લેક્ષ થિયેટરો, બાગ બગીચાઓ, પ્રાણી સંગ્રહાલય, હોસ્પિટલ વગેરે તમામ સુખ સુવિધાઓથી સજ્જ થઈ ગયુ છે.

સમય જતા ટીસીએસ, ગિફ્ટ સિટી જેવા મોટા સેન્ટરો અહીં શરૂ થતા ધંધા રોજગાર પણ વધતા હવે ગાંધીનગર નાનું પડવા લાગેલ હોઈ તે પોતાની ચોતરફ વિકસી રહ્યું છે. આ નવા ગાંધીનગરમાં ખાણીપીણીની દુકાનો તથા નવા નવા શોપીંગ મોલ માં અવનવી દુકાને ખૂલી ગઈ છે. તમે નામ આપો અને તે વસ્તુ મળી રહે તે હદે ગાંધીનગર વિકસી રહ્યું છે. નવા નવા ફ્લેટ, બંગલોઝની સ્કીમ વગેરે ગાંધીનગરને કામણગારું બનાવી રહ્યા છે. ગાંધીનગરનો ક્રાઈમ રેટ ઘટતો જાય, સાહિત્ય ક્ષેત્રે વિકાસ થાય, ધ્યાન આધ્યાત્મિક ક્ષેત્રે પણ વિકાસ થાય, લોકોની સુખ સુવિધાઓ વધતા જાય, નાનેરાથી માંડીને મોટેરા સૌને આનંદ પ્રમોદ મળતો રહે તેવી અભ્યર્થના સાથે મારા મનગમતા શહેર ગરવી ગુજરાતના પાટનગર હરિયાળા ગાંધીનગરને મારી સલામ.

# બ્રિટનના વડાપ્રધાનની ગાંધીનગર મુલાકાતથી ધમધમાટ











ગાંધીનગર, તા. ૨૧ બ્રિટનના વડાપ્રધાન બોરીસ જ્હોન્સન ભારતના પ્રવાસે આવ્યા છે. ભારતના પ્રવાસનો પ્રારંભ તેઓએ ગુજરાતથી કર્યો છે. ગુજરાત પ્રવાસ દરમ્યાન બ્રિટીશ વડાપ્રધાન ગાંધીનગરની મુલાકાતે આવ્યા હતા. જેના પગલે શહેરમાં ધમધમાટ જોવા મળ્યો હતો.

બ્રિટનના વડાપ્રધાન બોરીસ જ્હોન્સન ગુજરાતની એક દિવસની મુલાકાતે આવ્યા છે. વહેલી સવારે અમદાવાદ એરપોર્ટ ઉતર્યા બાદ તેઓએ ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. બપોર બાદ તેઓ ગાંધીનગર પધાર્યા હતા. હાઈ પ્રોફાઈલ મહેમાન ગાંધીનગર પધારવાના હોવાથી સવારથી જ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. બપોર બાદ તેઓ ગાંધીનગર પધારતા વીઆઈપી ગણાતા 'છ' રોડને બંધ કરી દેવાયો હતો. સચિવાલયના હેલીપેડ અને તેની આસપાસના વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. વાહનોને ડાયવર્ઝન અપાયુ હતુ. સૌ પ્રથમ તેઓ અક્ષરધામ મંદિરની મુલાકાતે પહોંચ્યા હતા. તેમની સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ જોડાયા હતા.

બ્રિટિશ પ્રધાનમંત્રીના આગમનના પગલે અક્ષરધામ મંદિર પરિસર જાણે પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયુ હતુ. અક્ષરધામ મંદિરને જોડતા માર્ગો પર તુસ્ત પોલીસ બંદોબસ્ત જોવા મળ્યો હતો. અક્ષરધામ મંદિરની મુલાકાત બાદ તેઓએ ગીફ્ટસીટી અને ગુજરાત બાયો ટેકનોલોજીકલ યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. બપોરથી છેક મોડી સાંજ સુધી તેઓ ગાંધીનગરના વિવિધ સ્થળોની મુલાકાતે હોઈ શહેરમાં ભારે ધમધમાટ જોવા મળ્યો હતો. ગાંધીનગર-અમદાવાદ હાઈવે પર પણ ઠેર ઠેર બંદોબસ્ત ગોઠવાયો હોઈ વાહનચાલકોને ભારે તકલીફ ભોગવવી પડી હતી.

# ગાંધીનગરમાં વાતાવરણ પલ્ટા બાદ ગરમીનુ જોર વધ્યુ મહત્તમ તાપમાન ૨ ડીગ્રી ઉંચકાયુ

**ગરમીનો પારો ૪૧.૫ ડીગ્રીએ પહોંચી ગયુ : રાત્રિના તાપમાન પણ ૨ ડીગ્રી ઉંચકાયુ : ગઇકાલે રાત્રિના વરસાદી છાંટણા બાદ આજે સવારે હળવા વાદળિયા વાતાવરણ બાદ ગરમીએ માથુ ઉંચક્યુ**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં છેલ્લા પાંચ દિવસથી ગરમીનો મિજાજ ઉગ્ર બનતા મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રીની નજીક જોવા મળે છે. જો કે ગઈકાલે સર્જાયેલા વાતાવરણ પલ્ટાના અંતે ગરમીનુ જોર ઘટયુ હતુ જેના લીધે ગરમીનો પારો પણ ૪૦ ડીગ્રીની અંદર આવી ગયો હતો ગઈકાલે રાત્રિના સમયે પણ સુસવાટા મારતા પવન સાથે વરસાદના છાંટણા વરસ્યા હતા પરંતુ આજે સવારે હળવા વાદળિયા વાતાવરણ બાદ બપોર થતા ગરમીએ માથુ ઉંચકયુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં આજે મહત્તમ તાપમાન ૨ ડીગ્રી વધ્યુ હતુ. જેના લીધે ગરમી ૪૨ ડીગ્રીની નજીક પહોંચી ગઈ હતી. દિવસ દરમિયાન નગરજનોએ આકરી ગરમી વેઠવાનો વારો આવ્યો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ વધતા રાત્રિના સમયે પણ ગરમીનો અહેસાસ કર્યો હતો.

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી મોસમનો મિજાજ બદલાયો છે. ગઈકાલે બપોરના સમયે અચાનક જ સુસવાટા મારતા પવન સાથે આકાશમાં વાદળોનો ઘેરાઈ આવ્યા હતા પલવારમાં જ મોસમનો નઝારો બદલાઈ ગયો હતો. કાળા ડીબાંગા વાદળોથી ઘેરાયેલા આકાશી નઝારા વચ્ચે ગમે ત્યારે વરસાદ આવશે તમ જણાંતુ હતુ પરંતુ મોડી સાંજ સુધી વરસાદી વાદળો ઘેરાયેલા રહેતા વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ જો કે વાતાવરણ પલ્ટાની અસરથી શહેરમાં ગરમીનુ જોર ઘટી ગયુ હતુ જયારે ગરમીનો પારો પણ નીચે ઉતરીને ૩૯ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો છેલ્લા ચાર પાંચ દિવસથી મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રીની આસપાસ રહેતુ હતુ જયારે વાતાવરણ પલ્ટાના લીધે ગરમી ઘટતા નગરજનોએ પણ રાહત અનુભવી હતી જયારે મોડી સાંજ બાદ રાત્રિના સમયે પણ સુસવાટા મારતા પવન સાથે ધુળની ડમરીઓ ઉડી હતી જયારે સેકટરોમાં વરસાદી છાંટણા પણ પડયા હતા પરંતુ પવનનુ જોર વધુ હોવાના લીધે વાદળો વિખેરાઈ જતા માવઠુ થયુ ન હતુ. મોડી રાત્રે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. પવનનુ જોર વધુ હોવાથી નગરજનોએ ઉનાળુ રાત્રિમાં ઠંડકની મજા માંણી હતી. જયારે આજે પણ સવારથી હળવા વાદળિયા વાતાવરણ વચ્ચે ગમે ત્યારે વરસાદી નઝારો સર્જાશે તેમ જણાંતુ હતુ પરંતુ સવારના અંતે ધીમે ધીમે તાપ આકરો થતા ગરમીનુ જોર વધ્યુ હતુ જેના લીધે દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૨ ડીગ્રી ઉપર આવી ગયો હતો. જેના લીધે દિવસ દરમિયાન નગરજનોએ આગ ઓકતી ગરમી વેઠવાનો વારો આવ્યો હતો. આ ઉપરાંત લઘુત્તમ તાપમાન પણ ૨૮ ડીગ્રી સુધી પહોંચી જતા લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે પણ માંડ ૧૪ ડીગ્રીનો તફાવત જ જોવા મળ્યો હતો. ગઈકાલની સાપેક્ષમાં રાત્રિનુ તાપમાન પણ ૨ ડીગ્રી ઉપર આવ્યુ હતુ. છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પારો સતત ૪૨ ડીગ્રીની નજીક જ રહે છે. ગઈકાલે વાતાવરણ પલ્ટાના લીધે ગરમીનુ જોર ઘટી ગયુ હતુ જયારે આજે ફરી નગરજનોએ આકરી ગરમીમાં શેકાવાનો વારો આવ્યો હતો. ગરમી ઉગ્ર બનતા સવાર બાદ બપોરના સમયે આકરી લું નો અહેસાસ શહેરીજનોએ કર્યો હતો. આકરી ગરમીના લીધે શહેરના સેકટરોની શેરીઓમાં પણ બપોરના સમયે સુનકાર પ્રવર્તયો હતો. જયારે રાત્રિનુ તાપમાન પણ ઉંચકાતા નગરજનોએ મોડી સાંજે પણ ગરમાવાનો અહેસાસ કર્યો હતો. ઉનાળાની મોસમ નિખરી છે. ત્યારે હવામાન તજજ્ઞોનાના મતે આગામી દિવસોમાં ગરમીનો પારો ઉંચકાશે અલબત્ત ગરમી રૌદ્ર સ્વરૂપ ધારણ કરશે.



## પેન્શનરો માટે પાંચ ઝોનમાં આગામી ૪ જૂનના રોજ પેન્શન અદાલત યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત સરકારના પેન્શનરો માટે નાણા વિભાગ, ગાંધીનગર દ્વારા વિવિધ પાંચ ઝોનમાં તા. ૪ જૂન ૨૦૨૨ શનિવારના રોજ બપોરના ૧૨ કલાકથી સાંજનાં ૫ કલાક સુધી પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવનાર છે.

રાજકોટ ઝોનમાં આવેલા દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીર-સોમનાથ, જામનગર, રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાના પેન્શનરો માટે એ.વી. પારેખ ટેકનિકલ ઈન્સ્ટિટ્યુટ, કોમ્પ્યુટર ડીપાર્ટમેન્ટ સેમીનાર હોલ, હેમુ ગઢવી હોલની સામે, ટાગોર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧, ગાંધીનગર ઝોનમાં આવેલા અમદાવાદ, ગાંધીનગર, મેહસાણા, ખેડા, આણંદ, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લાના પેન્શનરો માટે કોમર્સ કોલેજ, ઓડીટોરીયમ, સેક્ટર-૧૫, ગાંધીનગર તેમજ બનાસકાંઠા ઝોનમાં આવેલા કચ્છ, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના પેન્શનરો માટે કનુભાઈ મહેતા હોલ, વિદ્યામંદિર સ્કુલ સંકુલ, પોલીસ હેડક્વાર્ટર રોડ, પાલનપુર ખાતે પેન્શન અદાલત યોજાશે.

જ્યારે સુરત ઝોનમાં આવેલા સુરત, વલસાડ, નવસારી, ડાંગ-આહવા, તાપી, ભરૂચ, નર્મદા, છોટાઉદેપુર અને વડોદરા જિલ્લાના પેન્શનરો માટે ડીપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ. પહેલો માળ,વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તથા ભાવનગર ઝોનમાં આવેલા ભાવનગર, બોટાદ અને અમરેલી જિલ્લાના પેન્શનરો માટે જુનો કોર્ટ હોલ, સરદાર વલ્લભાઈ પટેલ કેમ્પસ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ગૌરીશંકર લેક રોડ, ભાવનગર-૩૬૪૦૦૧ ખાતે પેન્શન અદાલતોનું આયોજન કરવામાં આવશે.

વધુમાં પેન્શનરો જે જિલ્લા તિજોરી કચેરી હસ્તક પેન્શન મેળવતા હોય તે જિલ્લા તિજોરી/પેન્શન ચૂકવણાં કચેરી, પેન્શનર સમાજ પાસેથી તથા https://financedpartment.gujarat.gov.in y™u https://dat.gujarat.gov.in ની વેબસાઈટ પરથી અરજીનું નિયત નમુનાનું ફોર્મ મેળવી લઈ તેમાં જરૂરી વિગતો ભરીને તા. ૫ મે ૨૦૨૨ સુધીમાં "હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, બ્લોક નં.-૧૭, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર" ને મોકલી આપવાની રહેશે. પેન્શનર https://bit.ly/pension-adalat ની લીંકમાં જઈ ગૂગલ ફોર્મમાં પણ વિગતો ભરીને ફોર્મ જમા કરાવી શકાશે તેમ નાણા વિભાગની યાદીમાં જણાવાયું છે.

# આપણી ધરતીમાતાની માવજત કાજે રૂડું રોકાણ કરીએ...

ધરતીમાતા વારંવાર તાવથી પણ પીડાઈ રહી છે. મહાસાગરોમાં પ્લાસ્ટિક કચરો ઠલવાઈ રહ્યો છે. અસહ્ય ગરમી, જંગલોમાં થતી ઘાતક ભીષણ દાવાનળની ઘટનાઓ, ક્લાઉડબર્સ્ટ/વાદળફાટ જલપ્રલય, નદીઓમાં આકસ્મિક થતા પૂર, એટલાન્ટિક ઉપરાંત અનેક વાવાઝોડા સહિતની આફતોમાં લાખો જીવો પાયમાલ થયા છે. વિશ્વવ્યાપી ફાટેલ માનવ સ્વાસ્થ્યનો ઘાતક રોગચાળો 'કોવિડ-૧૯', ઈકોસિસ્ટમના આરોગ્ય સાથે સંકળાયેલ છે. 'ક્લાઈમેટ ચેન્જ' એ, પ્રકૃતિમાં માનવસર્જિત ભૂલ સભર ફેરફારોના પરિણામો, જૈવવિવિધતા/બાયોડાયર્વસિટીને વિક્ષેપિત કરે છે. વન-વિચ્છેદન/ડિફોરેસ્ટેસન, જમીન-વપરાશમાં ફેરફારો, કૃષિ ઉપજ લેવામાં અતિરેક તેમજ પશુધનની બહોળી વૃધ્ધિ અથવા ગેરકાયદેસર વકરતો વન્યપ્રાણીઓનો વેપાર, સહિતના પરિબળો આપણી ધરતીમાતાની પીડામાં ઊમેરો કરતો લૂણો લગાડે છે. દર વર્ષે, ધરતી પરથી ૪૭ લાખ હેક્ટર જંગલોનો નાશ થાય છે, આ વિસ્તાર ડેનમાર્ક દેશ કરતાં મોટો ગણાય છે. લગભગ ૧૦ લાખ પ્રાણીઓ અને વનસ્પતિઓની પ્રજાતિઓ હવે લુપ્ત થવાના ઓથા હેઠળ છે. દર વર્ષે ૮૮ લાખ ટન પ્લાસ્ટિક સમુદ્રમાં ઠલવાય છે, જેથી દરિયાઈ પ્રાણીઓની ૭૦૦થી વધુ પ્રજાતિઓના માથે જોખમ તોળાયું છે.

'ધ અર્થ ડે ઓર્ગેનાઈઝેશન': 'અર્થ ડે.ઓઆરજી' નામની સંસ્થા અગાઉ 'અર્થ ડે નેટવર્ક' તરીકે ઓળખાતી હતી. ૧૯૭૦થી કાર્યરત્ સદર સંસ્થાનું મુખ્ય મથક વોશિંગ્ટન ખાતે છે. આ સંસ્થા દ્વારા ૧૯૩થી વધુ દેશોમાં પર્યાવરણીય સંરક્ષણ માટે સમર્થન પ્રદર્શિત કરવામાં આવી રહેલ છે. આપણી ધરતીમાતાના હિતમાં સકારાત્મક પગલાં લેવામાં આવે તેવા હેતુથી આ સંસ્થાના કાર્યક્રમોનું વૈશ્વિક સ્તરે સંકલન કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવેલ 'વિશ્વ ધરતીદિન ૨૦૨૨'નું વિષયવસ્તુ 'ઈન્વેસ્ટ ઈન અવર પ્લેનેટ' છે. સરળ સમજ માટે 'આપણી ધરતીમાતાની માવજત કાજે રૂડું રોકાણ કરીએ...' કહી શકાય.




આપણે સૌ મહત્વના કાર્યક્રમોથી શરૂઆત કરીએ.

પ્રકૃતિ સાથે સૌમ્ય સુમેળ: ક્લાયમેટ ચેન્જ, જૈવ-વિવિધતા તેમજ પ્રદૂષણના જોખમોનો સામનો કરવા પ્રકૃતિ સાથે સૌમ્ય સુમેળ સાધવાનો કાર્યક્રમ એક વૈજ્ઞાનિક રસ્તો છે.

'ક્લાયમેટ ચેન્જ'ને સરળરીતે સમજીએ: દાયકાઓ કે તેથી વધુ સમયથી તાપમાન, વરસાદ, પવન અને અન્ય તત્વોમાં થતા ફેરફારોની કુદરતી સામાન્ય પ્રક્રિયા 'ક્લાયમેટ ચેન્જ' તરીકે ઓળખાય છે. પરંતુ હવે, ખનીજ તેલ જેવા પરંપરાગત ઊર્જાના બળતણથી ઉત્સર્જિત થતા ગ્રીનહાઉસ ગેસ સહિતની માનવીય પ્રવૃત્તિઓથી પૃથ્વીના વાતાવરણમાં અભૂતપૂર્વ ઝડપી વોર્મિંગ થાય છે. આ અન્વયે, 'પેરિસ એગ્રીમેન્ટ-૨૦૧૫'થી જાણીતા આંતરરાષ્ટ્રિય કરારના અમલની પૂર્તતા કરવા માટે સૌએ પ્રતિબદ્ધ થઈ સાથે મળીને કામ કરવું જોઈએ.

સંયુક્ત રાષ્ટ્રનો 'એક્ટ નાઉ'થી ઓળખાતો કાર્યક્રમ, ક્લાયમેટ ચેન્જ તેમજ નિરંતર ટકાઉપણા પરત્વે હવે વ્યક્તિગત કાર્ય કરવાના પગલાંનું અભિયાન છે. એક નાનું પગલું પણ ક્લાયમેટ ચેન્જની પ્રતિકૂળ અસરોને ખાળવામાં મદદરૂપ બનશે. વિશ્વભરમાંથી લોકોએ અત્યાર સુધીમાં, ૨૦ લાખથી વધુ 'ક્લાયમેટ ચેન્જ' પરત્વે કાર્યો કર્યા છે.

'નેટ-ઝીરો' ભાવિ તરફ: હાની રહિત જીવવા માટેનું ક્લાયમેટ જાળવી રાખવા, વર્ષ ૨૦૫૦ સુધીમાં ગ્રીનહાઉસ-ગેસ ઉત્સર્જનને 'નેટ ઝીરો' એટલે કે, ઘટાડીને શૂન્ય કરવું જ જોઈએ. વિશ્વની સરકારો, વ્યવસાયિકો તેમજ નાગરિકોની વૈવિધ્યસભર ઝડપી પગલાંની ભાગીદારીથી કાર્બન ઉત્સર્જન ન્યૂનતમ કરવાનું વિશ્વ માટે જરૂરી છે.

**ધરતીમાતાની માવજત કાજે પ્રભાવિત દસ પગલાં :**

૧. ઘરમાં ઊર્જા બચાવીએ: કૂકિંગ, રૂમ-હીટર જેવા ગરમ કરવાના અને રેફ્રિઝરેટર, એસી જેવા ઠંડકના સાધનોનું તાપમાન ખપ જેટલું જ વધારી-ઘટાડીને, ચીલાચાલુ લાઈટ બલ્બને બદલે એલઈડી બલ્બ બદલીને, તેમજ ન્યૂનતમ ઊર્જા કાર્યક્ષમ ઈલેક્ટ્રિક ઉપકરણો અપનાવીને, ઘરની કુલ ઊર્જાનો વપરાશ ઘટાડીએ.
૨. પગપાળા, સાયકલ કે પબ્લિક ટ્રાન્સપોર્ટ: પરંપરાગત વાહન ચલાવવાને બદલે પગપાળા કે સાયકલ ચલાવવાથી ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન ઘટશે, તેમજ તંદુરસ્ત અને સ્વસ્થ રહેવાશે. પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરીએ, શક્યતઃ કારપૂલ વિકલ્પ અપનાવીએ.
૩. શાકભાજી વધુ ખાવા જોઈએ: શાકભાજી, ફળો, અનાજ, કઠોળ, બદામ અને બીજ વધુ ખાવા જોઈએ. તેમજ માંસાહાર અને દૂધ-ડેરીની બનાવટો ઓછા ખાવાથી પર્યાવરણીય પ્રભાવ નોંધપાત્ર ઘટી શકે છે. વનસ્પતિજન્ય ખોરાકના ઉત્પાદન થકી સામાન્ય રીતે ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન ઓછું થાય છે.
૪. મુસાફરી બાબતે પુનઃવિચાર કરીએ: વિમાનનું ઈંધણ ગ્રીનહાઉસ ગેસનું નોંધપાત્ર ઉત્સર્જન કરે છે. જો અનિવાર્ય હોય તો જ હવાઈ મુસાફરી કરીએ. વર્ચ્યુઅલ/આભાસી માધ્યમથી મળવાનું પસંદ કરીએ. અન્યથા રોડ કે ટ્રેન મારફતે મુસાફરી કરીએ.
૫. ખોરાકનો બગાડ ઓછો કરીએ: ખોરાકના બગાડથી પણ, તેના ઉત્પાદન, પેકેજ અને ટ્રાન્સપોર્ટ માટે વપરાતા સંસાધનો અને ઊર્જાનો બગાડ થાય છે. વધેલા ખોરાકમાંથી ખાતર બનાવીએ.
૬. રિડ્યૂસ, રિયૂઝ, રિપેર એન્ડ રિસાયકલ: ગ્રાહકોએ ખરીદી કરેલ ઈલેક્ટ્રોનિક્સ, કપડાં તેમજ વિવિધ ચીજ-વસ્તુઓના કારણે પણ, તેના ઉત્પાદનથી ગ્રાહક સુધી પહોંચવા દરમિયાન કાર્બનનું ઉત્સર્જન થાય છે. આથી, આવશ્યક જ ન્યૂનતમ સામાન ખરીદીએ. સેકન્ડ હેન્ડ ચીજ-વસ્તુઓની ખરીદી કરીએ. જો શક્ય હોય તો રિપેરીંગ કરીએ અથવા અધિકૃત રિસાયકલર્સને આપીએ.
૭. પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોત અપનાવીએ: જ્યાં પણ શક્ય હોય ત્યાં સોલર-પેનલોનો ઉપયોગ કરીએ.
૮. ઈલેક્ટ્રિક વાહનને પહેલી પસંદગી: ઈલેક્ટ્રિક વાહન પહેલું પસંદ કરવાનું વિચારીએ. આવા વાહનો વાયુ પ્રદૂષણ ઘટાડવામાં મદદ કરે છે.
૯. ઈકો-ફ્રેન્ડલી ઉત્પાદનો ખરીદીએ: દરેક માનવ નિર્મિત માલસામાન પૃથ્વીને આડઅસર કરે છે. તેમ છતાં, પર્યાવરણીય પ્રભાવ ઘટાડવા માટે ઈકો-ફ્રેન્ડલી ઉત્પાદનો લઈએ. સ્થાનિક અને મોસમી ખોરાક ખરીદીએ.
૧૦. અવાજ ઉઠાવીએ: નિખાલસ બનીએ. ઈકો-ફ્રેન્ડલી પગલાં લેવાના કાર્યોમાં અન્ય લોકોને જોડાવા માટે બુલંદ અવાજે અપીલ કરીએ. પૃથ્વીને અનુકૂલન થવા માટે પડોશીઓ, સહકાર્યકરો, મિત્રો, કુટુંબીજનો, વ્યવસાયિકો, વગેરેને આપણા કાર્યોથી વાકેફ કરીએ.

- નરેશ ઠાકર,
પૂર્વ પીઆરઓ, જીપીસીબી